ગાંધીનગર સમાચાર

# કલોલ કોલેજના વિદ્યાર્થીઓ મતદાતાઓને સહાયરૂપ બન્યા






કલોલની આર્ટ્સ સાયન્સ કોલેજના એનએસએસ અને એનસીસીના ૧૦૭ જેટલા વિદ્યાર્થીઓએ મંગળવારે યોજાયેલી ચૂંટણીની કામગીરીમાં સ્વેચ્છાએ જોડાઈને કલોલ ૩૮ વિધાનસભાના મતદાન મથક પર આવતા દાદા દાદી,અપંગ અને અંધ મતદારોના સહાયક તરીકેની કામગીરી ઉત્સાહપૂર્વક કરી હતી. યુવાનો મતદારોને વહીલચેરમાં કે પોતાનો ખભો આપીને મદદરૂપ થયા હતા. કલોલના મદદનીશ કલેક્ટર અને મદદનીશ ચૂંટણી અધિકારી સી.શ્રી નેહાકુમારીના માર્ગદર્શન હેઠળ એનએસએસના પ્રોગ્રામ ઓફિસર ડૉ. એચ. કે. સોલંકી તથા એનસીસીના મેજર પ્રા. સી. કે. મેવાડાએ યુવાધનને સેવાકીય પ્રવૃત્તિ માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. કોલેજના યુવાધને ખડેપગે ઉભા રહીને દરેક દિવ્યાંગ મતદારને મદદ પૂરી પાડી હતી. લોકશાહીનાં મૂલ્યોની જાળવણી માટે દિવ્યાંગોએ પણ પોતાનો પવિત્ર અને કિંમતી મત આપ્યો હતો અને વિદ્યાર્થીઓએ તેમના સહાયક બની ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું હતું. દિવ્યાંગ અને વૃદ્ધ દાદા દાદી તેમ જ અશક્ત વડીલો ગરમીમાં પણ પોતાનો મત આપવા ઉત્સાહપૂર્વક જોડાયા હતા તે જોઈને યુવાનોને પણ પ્રેરણા મળી હતી.

## જન્મદિને વધામણી


અજિતસિંહ એન. ભટ્ટી


દેવ્યાની સોલંકી
મો. ૮૭૩૪૯ ૭૯૨૮૨


રેખાબેન પટેલ


હાર્દિક સોરઠીયા
મો. ૯૦૩૩૫ ૦૭૯૩૧

# જેઈઈનું પરિણામ ૩૦મી એપ્રિલ પહેલાં જાહેર કરાશે

ગાંધીનગર, તા. ૨૩

ધો.૧૨ પછી આઈઆઈટી સહિતની નામાંકિત ઈજનેરી કોલેજોમાં પ્રવેશ માટે લેવાયેલી જેઇઇ-મેઇનનું પરિણામ ૩૦મી એપ્રિલ પહેલા જાહેર કરી દેવાશે. બીજા તબક્કામાં લેવાયેલી જેઇઇ-મેઇનના પરિણામ ઉપરાંત વિદ્યાર્થીનું રેન્કલિસ્ટ પણ જાહેર કરાશે. ઉપરાંત, કેટલા વિદ્યાર્થી જેઇઇ-એડવાન્સ માટે લાયક બન્યા છે તેની વિગતો પણ જાહેર કરવામાં આવશે. ગત વર્ષે બે લાખ ૨૦ હજાર વિદ્યાર્થી જેઇઇ-એડવાન્સ માટે લાયક જાહેર કરાયા હતા. આ વર્ષે જેઇઇ-એડવાન્સ માટે તેનાથી પણ વધુ વિદ્યાર્થી લાયક બને તેવી શક્યતા છે.

જેઇઇ-મેઇનની પરીક્ષા ચાલુ વર્ષે નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા લેવામાં આવી હતી. પહેલા તબક્કાની પરીક્ષા તા.૯થી ૨૦મી જાન્યુઆરી વચ્ચે લેવાઈ હતી. જેનું પરિણામ અને પર્સન્ટાઈલ રેન્ક જાન્યુઆરીમાં જ જાહેર કરી દેવાયા હતા. બીજા તબક્કાની પરીક્ષા તા.૭થી ૧૨મી એપ્રિલની વચ્ચે લેવામાં આવી હતી. જેનું પરિણામ તા.૩૦મી પહેલા જાહેર કરી દેવામાં આવશે. પહેલી વખત જેઇઇ-મેઇનની પરીક્ષા વર્ષમાં બે વખત લેવાનું નક્કી કરાયું છે.

ઉલ્લેખનીય છે કે જેઇઇની બન્ને પરીક્ષામાં અંદાજે ૧૫ લાખથી વધારે વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતા.

# માધવ રામાનૂજના જન્મદિને 'શબ્દજ્યોતિ' કાર્યક્રમ





ગાંધીનગર, તા. ૨૩

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા,વાર્તાકાર સંજય ચૌધરી અને સાહિત્યપ્રેમી મુકુંદ દવેના સહયોગથી સોમવારના રોજ અમદાવાદ ખાતે, કવિ, નાટ્યકાર, નવલકથાકાર માધવ રામાનુજના ૭૫મા જન્મદિન પ્રસંગે 'શબ્દજયોતિ' શીર્ષક હેઠળ સાહિત્યસફર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. હતું. આ કાર્યક્રમમાં માધવ રામાનુજે પોતાનાં જીવન-કવન વિષે વક્તવ્ય આપ્યું અને પોતાની જાણીતી કવિતાઓનો પાઠ કર્યો.ગાયક વિપુલ આચાર્યે 'એકવાર યમુનામાં...' ગીતની સંગીતમય પ્રસ્તુતિ કરી હતી. આ પ્રસંગે જ્ઞાનપીઠ પુરસ્કૃત સર્જક રઘુવીર ચૌધરી, ચંદ્રકાન્ત શેઠ, રતિલાલ બોરીસાગર, સતીશ વ્યાસ, વિજય પંડ્યા, ભાગ્યેશ જહા, વસુબેન ભટ્ટ, યોગેશ જોશી, રજનીકુમાર પંડ્યા, પ્રશાંત કેદાર જાધવ, દ્રષ્ટિ પટેલ, હરિકૃષ્ણ પાઠક, જનક દવે, જોરાવરસિંહ જાદવ, રજની દવે, ચેતન શુક્લ 'ચેનમ', લતા હિરાણી તેમજ નમ્રતા શોધન, ભિખેશ ભટ્ટ, નિહારિકા આચાર્ય, સંજય વૈદ્ય, ઝવેરીલાલ મહેતા, એજાઝ સૈયદ, ધર્મેન્દ્ર પંડ્યા સુદામા, માધવી પંડ્યા, ડૉ.વિનીત મિશ્રા, સુનિતા ચૌધરી, મનુભાઈ શાહ, વિક્રમ પટેલ, હેમંત નાણાંવટી, અરવિંદ બારોટ, કિશોર જોશી, ભુપેન્દ્ર રાવલ, વીરેન્દ્ર રાવલ, કૃપા ત્રિવેદી, કિશોરગૌડ, કે. એસ. પંચોલી, મહેશ ડાભી અને શહેરના સાહિત્યપ્રેમીઓ, સાહિત્યરસિકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક'શ્વેત' દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને માણવા કોઈ પ્રવેશ ફી રાખવામાં આવી નહોતી.

સાહિત્યકાર માધવ રામાનુજે પોતાના વકતવ્યમાં જણાવ્યું કે 'અઢળક વાંચન એ મારા જીવનનું અગત્યનું પાસું છે. પ્રકાશ ન. શાહ અને રઘુવીર ચૌધરીના સંનિષ્ઠ પ્રયાસ દ્વારા જ હું સી.એન માં અધ્યાપક થયો. એક કવિતા ૧૯૬૮માં રઘુવીર ચૌધરીને બતાવી એ પછી આજ સુધી મેં કવિતા કોઈને બતાવી નથી. પ્રમુખ સ્વામીના ૭૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે 'અક્ષરનું અમૃત'નાટક લખ્યું. સુરેશ દલાલ મારો કાવ્યસંગ્રહ પ્રકટ કરવા માંગતા હતા પણ મારી સાથે એટલી કવિતાઓ ન હતી. એમના આગ્રહને કારણ તાબડતોબ બેસીને ૨૦ દિવસમાં કવિતાઓ લખી જેનો સંગ્રહ 'અનહદનું એકાંત'નામે પ્રકટ થયો છે.'

# ગાંધીજીનો વિનોદ

॥ સાતમો મણકો ॥

### ૧૨ - બીજો મહાત્મા શોધે

જાહેરકાર્ય માટે ફાળો ઉઘરાવવાની કળામાં ભાગ્યે જ કોઈ ગાંધીજીની સરસાઈ કરી શકતું. ફાળો ઉઘરાવવાની પણ તેમની વિશિષ્ટ પદ્ધતિ હતી. પ્રવાસમાં જે સ્ટેશને ગાડી ઊભી રહે ત્યાં લોકોનું ટોળું તેમનાં દર્શન માટે એકઠું થયું જ હોય. તેમની સમક્ષ હાથ લંબાવવાનું તે ચૂકતા નહીં! લોકો તેમના હાથમાં પૈસા મૂકવા માટે પડાપડી કરતા કેટલાક યુવાનોને હસ્તાક્ષર એકઠા કરવાનો શોખ હોય છે તેમને પણ હસ્તાક્ષર માટે પાંચ રૂપિયા ફી આપવી પડતી. સ્ત્રીઓએ દાનમાં આપેલાં ઘરેણાંની પણ હરાજી કરી મોટી રકમ મેળવતા. શ્રીમંતો પાસેથી પણ તેમને મોટી રકમ દાનમાં મળતી. પણ પોતાના સિદ્ધાંતના ભોગે ગાંધીજીએ કોઈ દિવસ દાનનો સ્વીકાર કર્યો નથી. કોઈ કોઈ વાર તો સહેજ નમતું આપે તો લાખ લાખ રૂપિયા દાનમાં મળી જાય એમ હતું, પણ એકેએક શરત સામે ગાંધીજી અચળ રહ્યા હતા.

એક વાર કેટલાક સનાતની હિન્દુ શેઠીયાએ ગાંધીજીને અમુક શરતે દાન આપવાની ઈચ્છા પ્રગટ કરી. ગાંધીજી કંઈક એવું સમજ્યા કે એકાદ રચનાત્મક પ્રવૃત્તિ માટે ખાસ અલાયદી રકમ આપવાની તેમની ઈચ્છા હશે. તેથી તેમણે પૂછ્યું, તમારી શરત શી છે ?

સનાતની : મહાત્માજી, શરત એટલી જ કે એ નાણાંમાંથી મુસ્લિમ કે હરિજન માટે કંઈ વાપરવું નહીં.

ગાંધીજી (હસીને) : તો તો એ દાનનો સ્વીકાર કરે એવા બીજા મહાત્માને તમારે શોધવો પડશે.

ગાંધીજીનો આ વિનોદી જવાબ સાંભળી સનાતનીઓ પણ હસવું ખાળી શક્યા નહીં.

### ૧૩. લાડકા દીકરાઓ

એકવાર સેવાગ્રામમાં ગાંધીજી સમક્ષ ઉપવાસ કરી સત્યાગ્રહ કરવાનું કેટલાક હરિજનોએ નક્કી કર્યું. હરિજન સત્યાગ્રહીઓ ગાંધીજી પાસે આવ્યા અને સત્યાગ્રહ કરવાની પોતાની ઈચ્છા પ્રદર્શિત કરી.

તમારી રહેવાની બધી જ સગવડ હું કરી દઉં છું. તમારી ઈચ્છા હોય તો આ મારી કુટિર ખાલી કરી આપું, ગાંધીજી બોલ્યા.

હરિજનો : ના, ના, એવું અમે ઈચ્છતા નથી.

ગાંધીજી : તો તમને પસંદ પડે તો મકાન લો.

હરિજનોએ બાની કુટિર પસંદ કરી તેથી બાને બોલાવી ગાંધીજીએ કહ્યું કે તમારી કુટિર એમને આપો.

બા : પણ પછી હું ક્યાં રહીશ ?

ગાંધીજી : તમને ક્યાં વધુ જગ્યા જોઈએ છે ? થોડી જગ્યા રહે તેનાથી ચલાવી લેજો. મેં પણ મારી કુટિર ખાલી કરી આપવાની ઈચ્છા એમને જણાવી હતી.

બા (હસીને) : પણ એ તો તમારા લાડકા દીકરાઓ છે.

ગાંધીજી (ખડખડ હસીને) : હા, હા પણ મારા દીકરા તે તમારા પણ ખરાને ? બાએ હસતાં હસતાં જગ્યા કરી આપવાની હા પાડી. પણ ગાંધીજીનાં આ પ્રેમાળ વચનો સાંભળી હરિજન સત્યાગ્રહીઓનો અર્ધો જુસ્સો ઉતરી ગયો હતો.

### ૧૪ - મૂડીપતિને

રાષ્ટ્રના વેપારધંધા અને ઉદ્યોગોમાં અગ્રસ્થાને બિરાજતા મૂડીપતિઓ અનેક વાર ગાંધીજીને મળવા આવતા હતા. તેઓ રાજકારણ, અર્થશાસ્ત્ર વગેરે અનેક વિષયો પર ગાંધીજી સાથે ચર્ચા કરતા. તેમાંના કેટલાકને તો ગાંધીજી સાથે ઘણો જ મીઠો સંબંધ હતો. એવા એક મૂડીપતિ ગાંધીજીને મળવા આવ્યા ત્યારે ગાંધીજી રેંટિયો કાંતતા હતા. કાંતતાં કાંતતાં જ ગાંધીજીએ તેની સાથે વાતો કરી. અંતે પેલા મૂડીપતિએ ગાંધીજીને પૂછ્યું,

બાપુ ! તમે શું પસંદ કરો, મને પોતાને કે મારા ધનને ?

ગાંધીજી : અલબત્ત, તમને જ.

મૂડીપતિ : પણ જો હું મારો વેપારધંધો છોડીને તમારી સાથે આવું તો તમે મને કયું કામ આપો ?

ગાંધીજી (રેંટિયા તરફ આંગળી ચીંધીને) : આ ચરખો જ તો.

'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર

# પોંખાયેલાં કાવ્યોનો વિવિધતાસભર સંચય





**પુસ્તક પરિચય**
નટવર હેડાઉ

બાળ સાહિત્યના આરંભથી જ બાળ કવિતા સર્જાતી આવી છે. તેમાં છેક દલપતરામથી શરૂ કરીને ગિજુભાઈ બધેકા, ત્રિભુવન વ્યાસ, ઝવેરચંદ મેઘાણી, સુંદરમ, બાલમુકુંદ દવે જેવા પ્રૌઢ સાહિત્યકારોએ પણ ઐતિહાસિક પ્રદાન કર્યું છે.

અદ્યતન બાળ કવિતા આધુનિક જીવન અને વૈશ્વિકતાથી પ્રભાવિત છે. પરંતુ આપણું પ્રાકૃતિક, સાંસ્કૃતિક, સામાજિક, શાળાકીય ક્રિડા વિષયક બાળજીવન હજી પણ ચાંદામામા, સૂરજદાદા, તારકબંધુ, વાદળબેની, ફૂલડાં, વનસ્પતિ, નદી, તળાવ, સરોવર, સાગર, ઋતુ-ઋતુના રંગ વગેરેનું સૌંદર્ય આકર્ષે છે. ને તેમાં બાળકોની કૌતુકવૃત્તિ ને કલ્પનાસૃષ્ટિ પ્રગટથાય છે. પારિવારિક જીવન શેરી અને શાળાની રમતો, જીવંત તહેવારો, પ્રસંગો, દેવ-દેવી ને મહાપુરુષો, રાષ્ટ્રીય તહેવારો, શિક્ષણના વિવિધ વિષયો આકર્ષક રીતે આલેખાય છે. તેવાં બાળગીતો એ પહેલાંની જેમ હવે માત્ર શિખામણનું જોડકણું રહ્યાં નથી, એમાં ગમ્મત સાથે જ્ઞાન આવે છે. ક્યાંક હાસ્ય, કટાક્ષ પણ જોવા મળે છે. તે બધી જ બાબતોને સમાવી લઈ પારોતિષિક પ્રાપ્ત બાળ કાવ્યોનાં ઉત્તમ સર્જનોને પ્રાપ્ત કરી તેનું સંપાદન કરવામાં આવ્યું છે તેની વાત કરવી છે.

ઈનામી બાળકાવ્યો. સંપાદક કિરીટ દવે, મણિલાલ શ્રીમાળી 'મિલન' દ્વારા કુલ ૨૭ બાળકાવ્ય સર્જકોનાં ૫૭ જેટલાં ઈનામી બાળકાવ્યોને સમાવીને એક વિશિષ્ટ દષ્ટિકોણથી થયેલું સંપાદન છે. આ સર્વ સર્જકોના સંગ્રહોને પ્રતિષ્ઠિત સાહિત્યિક સંસ્થાઓ કે નાની-મોટી સામાજિક સંસ્થાઓ તરફથી પોંખવામાં આવ્યા છે. અહીં માત્ર બાળસાહિત્ય ક્ષેત્રે કાર્ય કરનારા સર્જકોની કૃતિઓ તો છે જ, સાથે જ પ્રશિષ્ટ સાહિત્યમાં અગ્રગણ્ય સ્થાન-માન પામેલા સર્જકોની કૃતિઓ પણ છે. તેથી જ શ્રદ્ધાબેન ત્રિવેદીએ તેમની પ્રસ્તાવના 'સત્વશીલ કાવ્યમાળા'માં સાચું જ કહ્યું છે કે અહીં શિખરે બાંધેલા મંદિરનો ઘંટારવ છે તો સાથે તળેટીમાં રહેલા મંદિરના ઘંટનો રણકાર પણ છે. બાળ સાહિત્ય અકાદમીનાં કન્વીનર યશવંત મહેતાએ તેને 'ઉત્તમ સંચય' કહ્યો છે.

પ્રારંભમાં સંપાદકોના 'બે બોલ' અને પરિચય પણ આપવામાં આવેલ છે. તો છેલ્લે બાળગીત કેવું હોવું જોઈએ તે અંગેનો સુંદર, ટૂંકો અને બાળ સર્જકોને પ્રેરક એવો યશવંત મહેતાનો લેખ પણ મળે છે. તે સાથે સંગ્રહમાં સમાવાયેલા લેખકોનાં સરનામાં પણ આપી સંપાદકોએ અભ્યાસુઓ માટે મહત્ત્વનું કામ કર્યુ છે.

આ સંપાદનમાં દરેક બાળ કાવ્યના સર્જકની તસવીર સાથે પરિચય આપવામાં આવ્યો છે. જેથી આ સંગ્રહમાંથી પસાર થનાર જરૂર ન્યાલ થઈ જશે. આ સંપાદનમાં મોટાભાગે દરેક સર્જકની બેકૃતિઓ છે. પણ ક્યાંક એક પણ મળે છે. તો વિષય અને કાવ્યતત્ત્વની દષ્ટિએ ક્યાંક એક સર્જકની ત્રણ કૃતિઓ પણ છે. ટૂંકમાં કૃતિના સત્વને ધ્યાનમાં રાખી આ સંપાદન થયું છે.

અહીં બાળકને કેન્દ્રમાં રાખી, તેની નજરે વિશ્વ જોઈને, તેમને ગણગણવાં ગમે તેવાં ગીતો, તેવી રચનાઓ ઘણી મળે છે. આ સંપાદનમાં સાંપ્રતમાં કલમ ચલાવતા બાળ સાહિત્યકારોની પુરસ્કૃત રચનાઓને સ્થાન મલેલ હોઈ બહુ સ્વાભાવિક રીતે સંપાદન સત્વશીલ બન્યું છે. જેતી બાળકોને એક જ સ્થળેથી અનેક સારાં કાવ્યો મળી રહે તેવું આ સંપાદન છે.

'ઈનામી બાળકાવ્યો'ના સંપાદનમાં આપણા ગાંધીનગરના ત્રણ બાળ સાહિત્ય સર્જકોની કૃતિઓ સ્થાન પામેલ છે. નટવર હેડાઉ, ફિલીપ ક્લાર્ક અને કીર્તિદા બ્રહ્મભટ્ટ. અહીં આપણને બાળકની આસપાસની સૃષ્ટિ, વ્યક્તિ, કુટુંબ, શાળા, પશુ-પંખી-વનસ્પતિ, પર્વો અને કુદરત જેવા વિષયોને સર્જકોએ આલેખીને બાળકોને આનંદથી ગાતાં-નાચતાં કરી દે તેવા વિષયોને લયાત્મક રૂપ આપ્યું છે.

આવી સુંદર બાળ કાવ્ય રચનાઓનું સુંદર સંપાદન કરવા બદલ સંપાદક કિરીટ દવે અને મણિલાલ શ્રીમાળીને હૃદયપૂર્વક અભિનંદન આપું છું.

**ઈનામી બાળકાવ્યો**
સંપાદક : કિરીટ દવે, મણિલાલ શ્રીમાળી 'મિલન'
પ્રકાશક : કોમલ પબ્લિકેશન, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ, ૨૦૧૭ ● કિંમત : રૂા. ૯૦/-